Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ તર્ક છે. આમાં અગ્નિના અભાવરૂપ વ્યાપ્યનું આરોપણ કરીને ધૂમાભાવરૂપ વ્યાપકનું આપાદાન કર્યું છે. ( ' अनिष्टापादनस्तर्कः' એવું પણ લક્ષણ કોઇ બોલે છે. અર્થ ઉપર કહ્યો તેજ છે. )

**तर्कदूषणानि**—તર્કના દૂષણો આ પ્રમાણે છે. ( ૧ ) આપાદ્યાસિદ્ધિ, ( ૨ ) આપાદકાસિદ્ધિ, ( ૩ ) ઉભયાસિદ્ધિ, ( ૩ ) પ્રતિશિથિલમૂલતા, ( ૫ ) મિથસ્તર્કવિરોધ, ( ૬ ) ઇષ્ટાપત્તિ, અને ( ૭ ) વિપર્યયાપર્યવસાન, (આનાં લક્ષણો આકર ગ્રંથોમાંથી સમજી લેવાં.)

**तर्कपदार्थः**—( ૧ ) આત્માશ્રય, ( ૨ ) અન્યોન્યાશ્રય, ( ૩ ) ચક્રિકા, ( ૪ ) અનવસ્થા અને (૫) પ્રમાણબાધિતાર્થ પ્રસંગ, એમ પાંચ પ્રકારનો છે. તેમાં આત્માશ્રય, અન્યોયાશ્રય, અને ચક્રિકા, એ ત્રણ તર્ક તો ઉત્પત્તિ સ્થિતિ અને જ્ઞપ્તિ, એવા ભેદથી ત્રણ ત્રણ પ્રકારના છે. વિશેષ વિસ્તાર 'તર્ક' શબ્દમાં જોવા. )

**तात्पर्यम्**—वक्तुरिच्छा तात्पर्यम् । 'આ પદથી શ્રોતા પુરૂષને આ અર્થનો બોધ થાઓ' એ પ્રકારની વક્તાની ઇચ્છાને ઇચ્છાને તાત્પર્ય કહે છે. એ તાત્પર્ય શાબ્દબોધનો હેતુ છે. જો તાત્પર્ય શાબ્દબોધનો હેતુ ન હોય તો 'सैन्धवमानय'-( સૈંધવ લાવો ) આ એક પ્રકારના વાક્યથી કોઇ સ્થળમાં તો सैन्धव પદ વડે શ્રોતા પુરૂષને 'લવણ' નો બોધ થાય છે અને કોઇ સ્થળમાં सैन्धव પદ વડે 'ઘોડા' નો બોધ થાય છે તે ન થવો જોઇએ, પણ સર્વત્ર લવણતા કે સર્વત્ર ઘોડાનોજ બોધ થવો જોઇએ. તેથી, એ વિલક્ષણ બોધની સિદ્ધિ માટે તાત્પર્યજ્ઞાનને શાબ્દબોધનો હેતુ માનવો જોઇએ. એ બે તાત્પર્યજ્ઞાન શ્રોતા પુરુષને પ્રકરણથી થાય છે. જેમ ભોજન પ્રકરણમાં એ સૈંધવ પદનો અર્થ લવણ સમજવો જોઇએ, તથા ગમન પ્રકરણમાં સૈંધવ પદનો અર્થ ઘોડો સમજવો જોઇએ.

૨. योग्यत्वे सति तदितरप्रतीतीच्छयानुच्चरितत्वम् । બીજા અર્થની પ્રતીતિ થવાની શબ્દમાં યોગ્યતા છતાં પણ તે ઇતર અર્થની પ્રતીતિ થાઓ ' એવી ઇચ્છાથી ન બોલાયલા હોવાપણું, એના બે ભેદ છેઃ वक्तृतात्पर्यम् અને शब्दतात्पर्यम् ( લક્ષણો તે તે સ્થાને જોવાં. )

**तात्पर्यानुपपत्तिः**—मुख्यार्थप्रत्यायने सति तात्पर्यस्यानुपपन्नत्वम् । જે શબ્દ કે વાક્ય મુખ્ય અર્થની પ્રતીતિ કરાવનાર છતાં જેમાંથી તાત્પર્યની સિદ્ધિનું ન થવાપણું તે.

**तादात्म्यम्**—तद्भिन्नत्वे सति तदभिन्नसत्ताकत्वम् । જે પદાર્થથી જે વસ્તુ ભિન્ન પ્રતીત થાય છે, અને જે પદાર્થની સત્તાથી જે વસ્તુની સત્તા ભિન્ન હોતી નથી, તે પદાર્થ વિષે તે વસ્તુનો સંબંધ, તેનું નામ તાદાત્મ્ય. જેમ ઘટાદિક વસ્તુઓનું પોતાના ઉપાદાન કારણરૂપ મૃત્તિકા વગેરે સાથે તાદાત્મ્ય છે.

भेदसहिष्णुरभेदत्वं तादात्म्यम् । ભેદને સહન કરનાર અભેદપણું તે તાદાત્મ્ય. અર્થાત્ ભિન્ન પ્રતીતિ થયા છતાં વસ્તુતઃ અભિન્નપણું તે તાદાત્મ્ય ત્રણ પ્રકારનું છેઃ (૧) ભ્રાંતિજ તાદાત્મ્ય, (૨) કર્મજ તાદાત્મ્ય, અને (૩) સહજ તાદાત્મ્ય.

**तादात्म्यसम्बन्धः**—અભેદ નામે સ્વરૂપ સંબંધને તાદાત્મ્ય સંબંધ કહે છે. એ અભેદરૂપ તાદાત્મ્ય સંબંધ સર્વ પદાર્થોના પોતાના સ્વરૂપમાં રહે છે; પોતાના સ્વરૂપથી ભિન્ન પદાર્થમાં કોઇપણ વસ્તુનો તાદાત્મ્યસંબંધ રહેતો નથી. જેમ ઘડાનો અભેદરૂપ તાદાત્મ્ય સંબંધ ઘટ સ્વરૂપમાંજ રહે છે; તે ઘટથી ભિન્ન એવા પટાદિકમાં રહેતો નથી. અને એજ પ્રમાણે પટનો અભેદરૂપ તાદાત્મ્ય સંબંધ પોતાના પટ સ્વરૂપમાંજ રહે છે; પટથી ભિન્ન ઘટાદિકોમાં રહેતો નથી. એ પ્રકારે જેટલા દ્રવ્ય, ગુણાદિ પદાર્થો છે, તે સર્વ પદાર્થોનો અભેદ તાદાત્મ્ય રૂપ સંબંધ પોતપોતાના સ્વરૂપમાંજ રહે છે, બીજા કોઇમાં રહેતો નથી. ૨. ભેદરહિત પદાર્થોનો સંબંધ તે તાદાત્મ્ય સંબંધ.

For Private And Personal Use Only